


ડૉ. મનુ જપી

માનવીના જન્મની ઘડીએ જ એની અતીત સાથેના સંબંધની એક માત્ર કડી તૂટી જાય છે. મૃત્યુ એ એક જ એવી ઘડી છે જે ફરી એક વાર પેલી તૂટેલી કડીને જોડે છે.

મૃત્યુ એટલે ક્ષર શરીરને અક્ષર આત્માથી છૂટા પડવાની પવિત્ર ક્ષણ.

આ પવિત્ર ક્ષણનો મલાજો પાળવાની કળા આપણે ક્યારે શીખીશું ?

# નિર્વાણ યાત્રા



ડૉ. મનુ જપી

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧. | મૃત્યુ મરી ગયું રે લોલ ! | ૫ |
| ૨. | મારે કંઈક કહેવું છે... | ૬ |
| ૩. | "કોષ નિર્વાણ યાત્રા" | ૭ |
| ૪. | શતમ્ જીવઃ શરદઃ ? નો થેન્ક્સ ! | ૧૦ |
| ૫. | સરેરાશનો પર્દાફાશ | ૧૫ |
| ૬. | કારણ કૌભાંડ | ૧૬ |
| ૭. | બગદાદનો ખલિફ | ૨૦ |
| ૮. | ડેડ બોડી ક્યાં ગયાં ? | ૨૬ |
| ૯. | અને પુનર્જન્મે ફરી મળીએ તે પહેલાં | ૩૧ |


## ૧. મૃત્યુ મરી ગયું રે લોલ !

નથી બીતો હું કદી તારાથી
સમજે શું તું તારા મનમાં ?
વિકરાળ ભૂજાઓ ફેલાવીને
શું જોઈને કરતું તું આ નખરાં ?
નામ તારું સાંભળતાં સાથે
લોકોનાં ગાત્રો ગળી જાતાં
સૂસવાટા કરતું આવે જ્યારે તું
ભલભલાનાં છક્કા છૂટી જાતા.
અણધાર્યું કદી તું ટપકી પડતું
કદી રિબાવતું બીમારીમાં
ઓહ ! આહ ! આવ્યું... આવ્યું !
બીને અડધા વહેલા મરતા.
અકસ્માત મરકી ને ટી.બી.
હાર્ટ ટ્રબલ ને બ્લડ પ્રેશર
દર્શન તારાં તો થાય બધે
શું રાત દિવસ કે બ્લડ કેન્સર ?
જે જન્મે છે તે મરવાનું
તારાથી તે શું બીવાનું
બીમારીથી કે અકસ્માતથી
ચીરનિંદ્રામાં સૂવાનું.

પુનઃ જન્મ છે આત્માનો
સૂતેલો આત્મા જાગે છે.
ચીરનિંદ્રામાં પોઢેલો આત્મા
બીજી યોનિમાં જન્મે જ છે.

*પરિશ્રમ કરીને દિવસભરનો*
*રજની ઢળતાં હું ઊંઘું છું.*
*અરે !*
*હું તો રોજ મરું છું, રોજ ઊઠું છું.*
*તું શું સમજે છે મૃત્યુ,*
*તારાથી હું બીઉં છું ???*

❑

## ૨. મારે કંઈક કહેવું છે...

પચાસેક વર્ષની પ્રેક્ટિસમાં હજારો દર્દીઓને, લાખ્ખો બીમારીઓની કરોડો રૂપિયાની સારવાર કર્યા પછી પણ છેવટે મૃત્યુને કમને ભેટતા જોયા પછી, મારી જીવન અને મૃત્યુ એ બન્ને પ્રત્યે જોવાની સમગ્ર દૃષ્ટિ જ બદલાઈ ગઈ છે.

એમાંય જ્યારે દરેક માનવીને જીવન દરમિયાન સતત બીમારીના ભયથી થરથરતો જોયો હોય, બીમાર હોય તો એ બીમારીમાંથી છુટકારો મેળવવા બીજી હજારો બીમારીઓ લાગુ પડી જાય તેવા ઈલાજો કરતાં જોયો હોય, અને "મૃત્યુને



"કોઈ પણ રીતે હરાવવું, મ્હાત કરવું" એ માટે ગજા ઉપરાંતના મહાભારતનાં યુદ્ધ માંડતો જોયો હોય, મૃત્યુ સામેના આ આંધળા યુદ્ધમાં સ્વયમ્ ને માનસિક, શારીરિક, આર્થિક, કૌટુમ્બિક, સામાજિક, અરે વ્યાવસાયિક ક્ષેત્રે પણ રીતસર પાયમાલ થઈ જતાં નજરે જોયો હોય અને આટલા ધમપછાડા કર્યા પછી પણ એ ક્યાં તો રિબાઈ રિબાઈને મરી ગયો હોય કે મૃત્યુ કરતાં પણ વધારે ભયંકર યાતનામય, વિકૃત જીવન જીવતાં જોયો હોય ત્યારે એક વાત નિશ્ચિત પણે સિદ્ધ થઈ જ જાય કે :

**માનવી માત્રને મૃત્યુ પ્રત્યેની પોતાની દૃષ્ટિ બદલવાનો સમય આવી ગયો છે.**

આ પુસ્તિકામાં મૃત્યુને હું માનવીના મિત્ર તરીકે ઓળખાવવાનો વિનમ્ર પ્રયાસ કરું છું.

❑

## ૩. ''કોષ નિર્વાણ યાત્રા''

કર્ષયન્તઃ શરીરસ્થમ્
ભૂતગ્રામમ્ ચેતસઃ ।
મા ચૈવાન્તઃ શરીરસ્થમ્
તાન્વિધ્ધયાસુર નિશ્ચયાન ॥

"આ અતિ સુંદર શરીર અને એમાં વસેલ અતિ પવિત્ર આત્મા, જેના ઉંડાણમાં "મારો" વાસ છે, એવા શરીરને

અને આત્માને જે અજ્ઞાનીઓ ઈરાદાપૂર્વક ક્લેશ-કષ્ટ આપે છે, એ સર્વે આસૂરી પ્રકૃતિવાળા છે એમ જાણ."

માનવ શરીર અબજો કોષોનું બનેલું છે. આ એકેએક કોષમાં પોતાનો આગવો "જીવ" છે. જે જીવે છે ત્યાં સુધી માનવ શરીરને સતત જીવવામાં જ મદદ કરે છે, અને એમ કરતાં કરતાં કોષ સ્વયમ્ મૃત્યુ પામે છે.

આપણા શરીરમાં આવા બે પ્રકારના કોષો છે.

૧. STATIC CELLS – જે કોષો જન્મ પછીના અમુક સમય સુધીમાં અમુક સંખ્યામાં શરીરમાં ગોઠવાઈ જાય છે અને એ સંખ્યામાં પછી કોઈ વૃદ્ધિ થતી નથી.

૨. DUPLICATING CELLS – જે કોષો પોતાના જીવનના અંત સમયે પોતે જ એકમાંથી બે એમ ગુણાકાર પદ્ધતિએ વૃદ્ધિ પામે છે.

સ્ત્રીબીજ – OVUM અને પુરુષનું શુક્રાણુ SPERM ભેગા મળી જે ક્ષણે ગર્ભધારણ થાય છે, તે જ ક્ષણેથી આ કોષોની વૃદ્ધિ પામવાની ક્રિયાનો આરંભ થાય છે.

આવો દરેક કોષ પોતાના જ શરીરમાંથી, બરાબર એના જ જેવા Identical બે કોષોને જન્મ આપે છે. એમાંના બે પાછા વિભાજીત થઈ એવા જ પ્રકારના બીજા બે-બે, એમ ગુણાકાર પદ્ધતિઓ વૃદ્ધિ પામે છે.



હવે આ વૃદ્ધિના વિભાજનનું એક ચોક્કસ નક્કી કરેલું પ્રમાણ છે, ગણિત છે, નિયમ છે.

ગર્ભધારણ થયા બાદ ગર્ભની વૃદ્ધિ સમયે આવો એક કોષ ૪૦ થી ૬૦ વેળાએ ગુણાકાર પદ્ધતિએ વૃદ્ધિ પામે છે.

એક વાર ગર્ભમાં બાળકનો આકાર, આકૃતિ રચાઈ જાય અને બાળકનો જન્મ થાય તે ક્ષણથી પછીનાં વીસ વરસો સુધી આ કોષના ગુણાકારનું પ્રમાણ ઘટીને ૨૦થી ૪૦ સુધીનું થઈ જાય છે.

વીસ વરસ બાદ એ પ્રમાણ હજુ પણ વધુ ઘટીને ૧૦થી ૩૦ સુધીનું થઈ જાય છે.

આવા ફક્ત એક જ સેલ કોષના જન્મથી એ પોતાના નિશ્ચિત ગુણાકાર પૂર્ણ કરી ક્ષય પામે, ત્યાં સુધીનો પણ એક નિશ્ચિત સમય કુદરતે નિર્માણ કરેલો છે જે અંદાજે છથી આઠ મહિનાનો હોય છે.

આ સમયને આપણે ત્રણ તબક્કામાં વહેંચી દઈએ.

૧. જન્મ – BIRTH OF A CELL

2. F. C. D. C. = FINITE CELL DOUBLING CAPACITY એની ગુણાકાર પદ્ધતિએ વૃદ્ધિ પામવાની ક્રિયા.

૩. SENESCENCE = પોતાનું કાર્ય પૂર્ણ થયા પછી એ કોષની ક્ષીણ થવાની ક્રિયા.

આ ત્રણ તબક્કામાંથી પસાર થયા પછી કોષ સ્વયમ્

એની જીવનયાત્રા પૂર્ણ થવાથી "મૃત્યુ પામે છે" અને શરીર આવા કોષોનાં Dead bodiesનો યોગ્ય રીતે નિકાલ (Dispose) કરે છે.

ઉપરની વાત સમજી લઈએ એટલે આખા જીવનનો સાર એમાં સમાઈ જાય. જીવન એટલે જન્મ, જીવન અને મૃત્યુ અને એ ત્રણ તબક્કામાંથી કેમ પસાર થવું ? એ તમારા શરીરના એકેએક કોષને ખૂબ જ સારી રીતે આવડે છે. એ ક્રિયામાં ન તો એને તમારી મદદની જરૂર પડે છે કે ન તો કોઈ આલિયા, માલિયા કે ફૂટકલિયાની સલાહ કે ડખલગીરીની આવશ્યકતા પડે છે.

❑

## ૪. શતમ્ જીવઃ શરદઃ ? નો થેન્કસ !

આધુનિક ઔષધિઓ અને ઉપચારોએ સામાન્ય માનવીની આયુષ્ય રેખા ખેંચી તાણીને લાંબી કરી છે, એમ દુનિયાભરનું મેડિકલશાસ્ત્ર ઢોલ પીટી પીટીને જણાવે છે.

એ તો જાણે સમજ્યા, પરંતુ આમ મારી મચડીને થોડાંક વર્ષો વધારે જિવાડીને "એ માનવીએ, એ વધારી આપેલાં વર્ષોમાં શું કરવું ?" એ ભૂલમાં ક્યાંય પણ કોઈ જણાવતું નથી, એ પણ જાણે સમજ્યા, પરંતુ માનવી જેવા સાવ નક્કામાં જીવના આયુષ્યમાં, સાવ નક્કામાં બેપાંચ



વરસનો વધારો કરવાના અખતરા કરવામાં મેડિકલશાસ્ત્રે આ પૃથ્વી પરના કેટલા સુંદર, અદ્ભુત, સૌમ્ય અને પૃથ્વીને અત્યંત ઉપયોગી એવા કેટલા નિર્દોષ જીવોનો સંહાર કર્યો છે અને કુદરતી કેટલી સુંદર વનસ્પતિઓનો કચ્ચરઘાણ વાળ્યો છે એનો હિસાબ કોઈ આપવા માગતું જ નથી.

લાઈફ સાયન્સ લાઈબ્રેરીના THE BODY નામના પુસ્તકમાં દુનિયાના વિવિધ દેશોમાં પુરુષ અને સ્ત્રીનું આ ખેંચી-તાણીને લંબાવેલું આયુષ્ય-સરેરાશ વય, કેટલાં વર્ષની કરવામાં આવી છે એ કોઠા પર એક નજર કરી લઈએ. પછી આપણી રીતે આગળ વધીશું.

| ક્રમાંક | દેશનું નામ | પુરુષનું અપેક્ષિત આયુષ્ય | સ્ત્રીનું અપેક્ષિત આયુષ્ય |
|---|---|---|---|
| ૧. | કેનેડા | ૬૯.૩ વર્ષ | ૭૬.૪ વર્ષ |
| ૨. | યુનાઈટેડ સ્ટેટ્સ | ૬૮.૭ વર્ષ | ૭૬.૫ વર્ષ |
| ૩. | મેક્સિકો | ૬૨.૮ વર્ષ | ૬૬.૬ વર્ષ |
| ૪. | વેનેઝુએલા | ૬૭.૫ વર્ષ | ૬૩.૦ વર્ષ |
| ૫. | બ્રાઝીલ | ૫૭.૬ વર્ષ | ૬૧.૧ વર્ષ |
| ૬. | આર્જેન્ટિના | ૬૫.૨ વર્ષ | ૭૧.૨ વર્ષ |
| ૭. | ગ્રીનલેન્ડ | ૬૦.૭ વર્ષ | ૬૬.૨ વર્ષ |
| ૮. | ઈંગ્લેન્ડ-વેલ્સ | ૬૮.૯ વર્ષ | ૭૫.૧ વર્ષ |
| ૯. | ફ્રાન્સ | ૬૮.૬ વર્ષ | ૭૬.૪ વર્ષ |

| | | |
|---|---|---|
| ૧૦. સ્પેઈન | ૬૯.૭ વર્ષ | ૭૫.૦ વર્ષ |
| ૧૧. અલ્જેરિયા | ૫૧.૭ વર્ષ | ૫૪.૮ વર્ષ |
| ૧૨. ઝઈરે | ૪૧.૯ વર્ષ | ૪૫.૧ વર્ષ |
| ૧૩. નોર્વે | ૭૧.૫ વર્ષ | ૭૭.૮ વર્ષ |
| ૧૪. સ્વીડન | ૭૨.૧ વર્ષ | ૭૭.૭ વર્ષ |
| ૧૫. ટર્કી | ૬૨. વર્ષ | ૬૯ - વર્ષ |
| ૧૬. ઈજીપ્ત | ૬૮.૫ વર્ષ | ૭૦ - વર્ષ |
| ૧૭. ફીનલેન્ડ | ૬૬.૯ વર્ષ | ૭૫.૪ વર્ષ |
| ૧૮. યુ.એસ.એસ.આર. | ૬૪ વર્ષ | ૭૪ વર્ષ |
| ૧૯. ચાઈના | ૫૯.૯ વર્ષ | ૬૩.૩ વર્ષ |
| ૨૦. જાપાન | ૭૧.૨ વર્ષ | ૭૬.૩ વર્ષ |
| ૨૧. ઈન્ડિયા | ૫૨.૬ વર્ષ | ૫૧.૫ વર્ષ |

ઉપરનો કોઠો જરા ધીરજથી જોઈ-વિચાર કરીએ તો એક વાત ઊડીને આંખે વળગે એવી એ છે કે પુરુષની વધુમાં વધુ સરેરાશ વય ૭૨ વર્ષની છે, જ્યારે સ્ત્રીની વધુમાં વધુ સરેરાશ વય ૭૬ વર્ષની છે.

બીજી એક વાત બંધ અકલ કા તાલા ખોલી નાંખે તેવી એ પણ છે કે પુરુષ અને સ્ત્રીની ઓછામાં ઓછી સરેરાશ વય ઈન્ડિયામાં – માદરે વતનમાં છે :

પુરુષ વધુમાં વધુ સરેરાશ વય ૫૨ વર્ષ.

સ્ત્રી વધુમાં વધુ સરેરાશ વય ૫૧ વર્ષ.

જે દેશમાં "શતમ્ જીવ શરદઃ" એવા રૂપાળા (છતાં વાહિયાત) આશીર્વાદો આપવામાં આવે છે અને અમારું આયુર્વેદ તમને એકસો પૂરાં વર્ષ જિવાડી શકે છે, એવો કોણીએ ગોળ લગાડી, સોના-ચાંદી ઠાંસીને ભરેલા ચ્યવનપ્રાશો ખવડાવવા વાળાઓ રોજ નવા ફૂટી નીકળે છે અને આ શતમ્ જીવઃનું પૂંછડું પકડીને, ગાજરની પાછળ દોડનારા ગધેડાઓની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે.



આધુનિક ઔષધિઓની મેડિકલ મિથ્યાલોજી તો જાણે મૃત્યુ સામે અણુયુદ્ધ જ માંડીને બેઠી છે.

ચાલીસ વર્ષે કમ્પ્લીટ ચેક-અપ કરાવો, બ્લડ પ્રેશરને કંટ્રોલમાં રાખો, સાકર લેવલ વધવું જ ના જોઈએ, મીઠું બંધ, સાકર બંધ, ઘી, તેલ અને મીઠાઈ બંધ.

પચાસ વર્ષે ગર્ભાશય કાઢી નાખો, સાઈઠ વર્ષે બાયપાસ કરાવો, સિત્તેર વર્ષે પ્રોસ્ટેટ કઢાવી નાંખો, એંસી વર્ષે ઘૂંટણના મજાગરાં નવાં ફીટ કરાવી દ્યો, કિડની બદલાવી નવી નંખાવો કે ઉધાર ઉછીનું કે ચોરેલું હૃદય ફીટ કરાવી લ્યો. અમે બેઠા છીએ, વોકિંગ કરો, જોગિંગ કરો, યોગા-ફોગા ને મેડિટેશન કરો, એકી બેકી ને રેકી કરો, ડાયેટિંગ કરો – ચરબી ઘટાડો.

બાળકોના તો અનાથાશ્રમો ઊભા કરી દીધા છે. વૃદ્ધાશ્રમો ગલીએ ગલીએ ઊભા કરી દ્યો. હૉસ્પિટલોમાં વૃદ્ધો માટે અલાયદા વોર્ડ ઊભા કરો. નવા માળ પર માળ ચણી દ્યો. પચાસ વર્ષે તે કંઈ મરી જવાતું હશે ?

માની લઈએ કે આમાંનું કશું કર્યા વગર તમે પચાસને

બદલે સાઈઠ વર્ષ જીવ્યા છો.

જરા તમારી દિનચર્યાનું સરવૈયું કાઢોને ? શું કરી નાંખો છો આખો દિવસ ? કોને ઉપયોગમાં આવ્યા છો તમે ? તમારા છોકરાવને તો ઠીક તમારા છોકરાનાં છોકરાવને પણ તમારી સામે જોવાની ફુરસદ છે ખરી ? તમે તમારા કુટુમ્બ પર જ નહીં, સમાજ, દુનિયા પર, અરે તમારી જાત પર પણ એક બોજ બનીને બેઠા છો. દેશની બેકારી અને ભૂખમરામાં વધારો કરી રહ્યા છો.

એમ પણ માની લઈએ કે તમે લાખો-કરોડોની જાયદાદ, માલમિલ્કત, જર જમીન એકઠું કર્યું છે. ક્યાં સુધી એના પર ભોરિંગની માફક બેસવું છે ? વેળાસર ઊપડી જ જાઓ.

સુખેથી મરવું હોય તો અને મરીને સુખી થવું હોય તો આના જેવી ઉમ્મર હવે પછી નહીં આવે.

ઉપર આપેલો કોઠો ઘણું બધું સાનમાં સમજાવી દે છે. હિંદુસ્તાન ફક્ત આર્થિક રીતે દેવાળિયો દેશ નથી. આયુષ્ય અને તંદુરસ્તી ક્ષેત્રે પણ અન્ય દેશોની સરખામણીમાં દરીદ્ર છે.

જે દેશના માનવીઓનું આયુષ્ય ૭૫-૭૬ વર્ષનું છે એ પણ શતમ્ જીવવાના ધમપછાડા નથી કરતા. તમે કઈ બુલંદી પર પચાસનાં સો વર્ષો કરવા માંગો છો ?

આપણે છાપાંઓમાં કે મેગેઝીનોમાં સો કે સવાસો વર્ષ જીવી ગયેલી વ્યક્તિઓના ફોટા જોઈએ છીએ. એમાંના એકે પણ પોતાનું પ્રેશર કે સુગર લેવલ કંટ્રોલમાં રાખ્યું નથી, બાયપાસ કે ટાયપાસ કરાવ્યાં નથી. કોઈ ચ્યવનપ્રાશ કે કેસરી જીવન ચાટ્યાં નથી. પોતાનું આયુષ્ય લંબાવવા લોટા ભરીને મૂતર પીધાં નથી, કે નથી કરાવ્યાં કોઈ દોરાધાગા કે જંતરમંતર.

પોતાની જિંદગીનો વધારાનો એક એક દિવસ એમણે અતિતનો આશીર્વાદ સમજીને માથે ચડાવ્યો છે અને પ્રત્યેક દિવસની પ્રત્યેક ક્ષણે મોતને વહાલથી સ્વીકારવાની તૈયારી રાખી છે.

શરીરને એના આયુષ્ય પ્રમાણે જીવવા દો. જન્મ જેટલું જ મૃત્યુ પણ માનવીના કે સારવારિયાઓના બસની બીમારી નથી એ સમજી લ્યો અને જીવનની એક એક ક્ષણ "જી ભરકે જીયો".

❑

## ૫. સરેરાશનો પર્દાફાશ

સાલ્લું આખ્ખું મેડિકલશાસ્ત્ર અગર જો કોઈ એક પાયા પર ઊભું રહેતું હોય તો એ પાયાનું ફાલતું નામ છે "નોર્મલ વેલ્યુઝ". AVERAGE AGE સરેરાશ ઉમ્મર પણ આ નોર્મલ વેલ્યુઝના તમાશાનો જ એક સીન છે.

માનવીની સરેરાશ ઉમ્મર ૫૧ વર્ષ જ્યારે કહેવામાં આવે છે ત્યારે એક વાત આડકતરી રીતે એ જણાવી દે છે કે કોઈ બાળક જન્મતાના ગણતરીના કલાકોમાં મરી જાય

છે, તો કોઈ અભાગિયો એંસી વર્ષે રિબાઈ રિબાઈને મરે છે.

અને Infantile Mortality – બાળમૃત્યુની ક્ષણથી માંડી એંસીનેવું વરસની વચ્ચેના કોઈ પણ ગાળામાં કોઈ પણ ક્ષણે, કોઈ પણ વ્યક્તિ કોઈ પણ કારણ વિના મરી શકે છે, મરી જાય છે અને એ વખતે આ સરેરાશનાં ઢોલ પિટનારાઓ કશું જ કરી શકતા નથી.

*એટલે એક વાત કોઈ પણ દાખલાદલીલ વગર સ્વીકારી જ લેવી જોઈએ કે, "મૃત્યુની ક્ષણ તમારા કે કોઈ સારવારિયાના હાથમાં નથી નથી નથી ને એક લાખ વાર નથી."*

❑

## ૬. કારણ કૌભાંડ

સાલ્લું આખ્ખું મેડિકલશાસ્ત્ર અગર બીજા કોઈ પાયા પર તાકડધિન્ના કરતું હોય તો એ પાયાનું નામ છે કારણ – CAUSE.

આપણે એને ડૉક્ટરોને લાગુ પડેલા એક અસાધ્ય રોગ CAUSERIA કોઝેરિયા તરીકે ઓળખીશું.

"મીઠું ખાવાથી બ્લડ પ્રેશર વધી જાય, સાકર ખાવાથી ડાયાબિટીસ થઈ જાય, ઘીતેલ ખાવાથી હાર્ટએટેક આવે, બટાટા ખાઓ તો વજન વધી જાય, સિગારેટથી કેન્સર થાય, કે સેક્સપાર્ટનર બદલવાથી એઈડ્ઝ થાય. વગેરે વગેરે વગેરે."



બરાબર આ જ બકવાસને એ લોકોએ મૃત્યુનાં કારણોને પણ મારી મચડીને લાગુ પાડી જ દીધો છે.

**CAUSE OF DEATH મૃત્યુનું કારણ**

જે દિવસથી સ્મશાનમાં મડદું બાળતાં કે દાટતાં પહેલાં ડૉક્ટરનું ડેથ સર્ટિફિકેટ રજૂ કરવાની પ્રથા શરૂ થઈ, એ જ દિવસથી લીટરલી ડૉક્ટરો એમ જ માનવા લાગ્યા છે કે કોઈ પણ માનવીને "મારવાનું ફક્ત મારા જ હાથમાં છે. અમારી પાસે જ LICENCE TO KILL છે."

અને અગર જો અમને પણ મૃત્યુનું કારણ ના ખબર પડે તો અમે મડદાને ચીરીએ, પોસ્ટમોર્ટમ કરી એના એકે-એક અવયવને લેબોરેટરીઓમાં તપાસવા મોકલી આપીએ. આખું શરીર ચૂંથી નાખ્યા પછી પણ અમને કારણ ના જડે તો એ કેસ પોલીસ કેસ થાય અને કોરટ દાટેલાં મડદાં કબરમાંથી ખોદીને મૃત્યુનું કારણ શોધવા અમારી પાસે મોકલાવે.

*આ મૂર્ખાઓને એક વાતની ખબર નથી કે બીમારીને કે મૃત્યુને કોઈ કારણો હોતાં જ નથી.*

નથી માનતા તમે ?

આવો આખી દુનિયાના ઈમાનદાર વ્યવસાયને વફાદાર અને ઉચ્ચ પદવીધારી ડૉક્ટરો અને વૈજ્ઞાનિકો શું કહે છે તે જાણી લઈએ.

૧. ડૉક્ટર મનુ કોઠારી "મેડિસીનની મિથ્યાલૉજી **MYTHOLOGY OF MODERN MEDICINE**માં કારણોના કૌભાંડનો એક જ વાક્યમાં છેદ ઉડાડી દે છે.

***QUOTE :***

***"એક આંધળો, અમાસની અંધારી રાતે કાળી કોટડીમાં, કાળા રંગની એક ટોપી શોધવા ફાંફાં મારી રહ્યો છે, જે હકીકતમાં ત્યાં છે જ નહીં."***

ડૉક્ટર સાહેબ મેડિકલ માંધાતાઓને એક ખુલ્લો પ્રશ્ન પૂછે છે :

X CAUSES Y
BUT WHY DOES Y
OCCUR WITHOUT AND
NOT OCCUR DESPITE X ?

અર્થાત્

X કારણથી મૃત્યુ થાય છે
પરંતુ જ્યાં X ના હોય
ત્યાં પણ મૃત્યુ Y તો થાય જ છે
અને X જ્યાં હોય ત્યાં પણ
ઘણી વાર Y મૃત્યુ થતું જ નથી
આમ કેમ થાય છે ?
છે કોઈ જવાબ તમારી પાસે ?



૨. પ્રસિદ્ધ વૈજ્ઞાનિક અને ફીલોસોફર સર બર્ટ્રાન્ડ રસેલ કહે છે :

"જુદા જુદા વિષયોના બધા જ ફિલોસોફરો નિષ્ણાતો એમ માને છે કે ***"વિજ્ઞાનનું મૂળ જ કારણો શોધવામાં છે."***

પરંતુ સત્ય હકીકત એ છે કે :

***"ગુરુત્વાકર્ષણ જેવા વિષયમાં પણ કારણ જેવું કશું હોતું જ નથી."***

(ગુરુત્વાકર્ષણની શોધ કરી તે પહેલાં પણ ઝાડ પરથી સફરજન જમીન પર જ પડતું હતું. Q.E.D.

બાળકના BIRTH CERTIFICATE જન્મના પ્રમાણપત્રમાં આપણે CAUSE OF BIRTH – જન્મનું કારણ એવી કોલમ રાખતા નથી.

તો પછી મૃત્યુના પ્રમાણપત્રમાં CAUSE OF DEATH કોલમ શા માટે રાખીએ છીએ ? અને રાખી પણ હોય તો એમાં કારણ લખવું જ જોઈએ એવો હઠાગ્રહ શા માટે રાખવો જોઈએ ? અને કદાચ કારણ ના મળે તો મડદાને ચીરી ફાડી કારણ શોધવું જરૂરી જ છે એવો દુરાગ્રહ શા માટે સેવીએ છીએ ? અગર શોધી કાઢેલું કારણ ગળે ન ઊતરે તો એ જૂઠ્ઠું છે એમ પુરવાર કરવાના ધમપછાડા કોણ કરાવે છે ? શા માટે કરાવે છે ? મૃત્યુ જેવી પવિત્ર

સ્થિતિને અભડાવવાનો શો અધિકાર છે આ લોકોને ?

***શા માટે, શા માટે, શા માટે CAUSE OF DEATHની કોલમમાં ફક્ત એમ લખવામાં નથી આવતું કે :***

***"THE PERSON DIED BECAUSE HE WAS BORN"***

*મૃત્યુનું અગર જો કોઈ એક માત્ર કારણ હોય તો તે જન્મ છે.*

❑

## ૭. બગદાદનો ખલિફ

બગદાદના ખલિફના દરબારમાં કાશીનો એક વિદ્વાન પંડિત, જ્યોતિષવિદ્યાનો અઠંગ અભ્યાસી અને ત્રિકાળજ્ઞાની પહોંચી ગયો.

કંઈક મજાકમાં કંઈક પરીક્ષા લેવાની દાનતથી ખલિફે પંડિતને પૂછ્યું :

"ક્યા તૂમ સચમૂચ સબકુછ બતા સકતે હો ?"

"આજ્ઞા કરો મહારાજ, આપને શું જાણવું છે ?"

"ઠીક હૈ, બતાઓ હમારી મૌત કબ હોગી ?"

"મૃત્યુ એક પવિત્ર ચીજ છે. મહારાજ, એની જાણ ન થાય એમાં જ મનુષ્યનું હિત જળવાયેલું છે."



"યે હમારા ફરમાન હૈ, આપકો બતાના હી પડેગા. બતાઓ હમારી મૌત કબ હોગી ? વરના..."

આખી સભામાં સન્નાટો છવાઈ ગયો. બધાં પૂતળાંની જેમ સ્તબ્ધ થઈ પંડિતનો જવાબ સાંભળવા શ્વાસ થંભાવી, કાન સરવા કરી બેસી ગયા.

પંડિતે ખલિફના હાથની રેખાઓનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું. આંગળીના વેઢે ગણતરી માંડી. હાથમાંનાં પુસ્તકો જોઈ, એની ગણતરી પાકી છે એની ખાતરી કરી લીધી અને આખી સભા સાંભળે તેમ ધીરગંભીર અવાજે બોલ્યો : "રાજન, જે દિવસે તને પચાસ વર્ષ પૂરાં થઈ એકાવનમું બેસશે, એ જ દિવસે તારી સાલગિરાહના દિવસે ઠીક સૂર્યાસ્ત સમયે તારું મૃત્યુ થશે. વિધિના આ લેખ છે."

પેલા વિદ્વાન પંડિતની પોતાના મોતની આગાહી સાંભળી ખલિફ મૂછોમાં મલકાયો. એની હજુ તો પાંત્રીસ વરસની જુવાન ઘટાદાર કાળી ભમ્મર દાઢી પર એણે લાખ્ખો દિનારની કિંમતવાળી અંગૂઠીઓ પહેરેલી આંગળીઓ પસવારી. પંડિતને પુરસ્કાર આપી વિદાય કર્યો, સભા બરખાસ્ત કરી અને એના રોજેરોજના રાજકારણની જંજાળમાં અને રંગમહેલોના રંગરાગમાં બેચાર દિવસમાં જ એ પેલા પંડિતની વાત વિસરી ગયો.

***ઔર પંદ્રહ સાલ હૈ – દેખા જાયેગા !***

આંખો વહેલી સવારની નિંદરમાં ઘેરાયેલી છે, પણ

શરણાઈના આ મધુર સૂરો ક્યાંથી સંભળાય છે ? ચારે તરફ સ્ત્રીપુરુષોના અને બાળકોના હર્ષોલ્લાસથી ભર્યા અવાજો કાને કેમ પડે છે ? કોઈ તહેવાર મનાવાતો હોય એમ આખું બગદાદ શહેર ઉમંગ અને ઉમળકાથી રસ્તા પર ઊમટી આવ્યું હોય એવો કલરવ-કોલાહલ ક્યાંથી આવે છે ?

"અરે ! કોઈ હૈ હાજર ? ખલિફે ઘેરાયેલી આંખોનાં પોપચાં માંડ માંડ ઊંચકતાં પૂછ્યું.

"જી હજૂર !" એક સેવક કુર્નિષ બજાવી ઊભો રહ્યો.

"યે ક્યા હો રહા હૈ ? આજ કૌનસા ત્યૌહાર હૈ ?"

"આજ બાદશાહ સલામત કી સાલગિરાહ હૈ હજૂર !"

કરંટ લાગ્યો હોય આખા શરીરમાં, એમ ખલિફ પલંગમાંથી ઊછળીને ઊભો થયો.

"અરે ! આજે તો એને એકાવનમું વરસ બેસશે. પચાસ પૂરાં થયાં. આજે બરાબર સૂર્યાસ્ત વેળાએ મારું..." એને પેલા પંડિતના ધીરગંભીર શબ્દો યાદ આવ્યા. પંદર વરસ પહેલાં એણે કરેલી પોતાના મોતની આગાહી યાદ આવી.

"સઈસ કો કહો, મેરા સબસે તૂફાન બિજલી જૈસા ઉડને વાલા ઘોડા નિકાલ કર તૈયાર રખે. જાઓ – મૂંહ મત દેખો."

જેવો પલંગમાંથી ઊઠ્યો હતો એવો જ સીધેસીધો એ જીન બાંધીને તૈયાર ઊભેલા ઘોડા પર છલાંગ મારીને બેસી ગયો ને હાથમાંનો ચાબુક વિંઝ્યો.



જાતવાન અરબી ઘોડો પવનવેગે ઊડ્યો.

રાજકારણના કટોકટીભર્યા સમયોમાં યુગો યુગોથી ભોંયરાં અને બંકરોમાં છુપાવાની સગવડો કરી રાખેલી હોય છે. આવું જ એક બંકર ખલિફના રાજ્યની સરહદ પર બંધાવીને તૈયાર રાખ્યું હતું. રીતસરની મુસાફરી ભોંયરા વાટે કરે તો બીજે કે ત્રીજે દિવસે ત્યાં પહોંચાતું હતું, પરંતુ આજે તો એને સૂર્યાસ્ત પહેલાં એ ભોંયરામાં પેસી એની ભોગળો દઈ દેવી હતી. મોતને હાથતાળી આપવી હતી.

પવનવેગે ઊડતા ઘોડાને એ ચાબુક પર ચાબુક વિંઝતો ગયો. ઘોડો ઔર વેગથી મંઝીલ કાપતો ગયો. બપોર થતાં સુધીમાં તો એ જે કિલ્લાના નીચે એ ભોંયરું હતું એના અડધા રસ્તે પહોંચી ગયો હતો – શોર્ટકટ લઈને જંગલમાં થઈને.

પોતે તો સવારનો ભૂખ્યો-તરસ્યો હતો જ. ઘોડો પણ એકસરખું ખાધાપીધા વગર દોડીને હાંફી ગયો હતો. બન્નેને આરામ અને ખોરાકની સખત જરૂરત હતી, પણ ખલિફને એક ક્ષણ બગાડવી પોસાય તેમ ન હતું. જે રસ્તે થઈને એ જતો હતો એ શોર્ટકટ હતો એટલે જંગલમાં કોઈ શહેર પણ આવતું ન હતું કે એ એનો ઘોડો બદલાવી શકે.

"ઘોડો જાતવાન છે, વફાદાર પ્રાણી છે. એ મૂંગું પ્રાણી સમજી ગયું છે કે મારે સાંજ સુધીમાં આ મજલ કાપવાની જ છે. હું સૂર્યાસ્ત પહેલા તો એ ભોંયરામાં પહોંચી જ

જઈશ. અડધે સુધી તો આવી જ ગયો છું." આમ મનને મનાવતો ખલિફ઼ ઘોડાને ઔર જોરથી ચાબૂક મારે છે. ઔર તેજ દોડાવે છે.

અંતર ઓછું ને ઓછું થતું જાય છે એમ ખલિફ઼ને મોતના મુખમાંથી છૂટવાનો વધુ ને વધુ વિશ્વાસ ઊપજે છે. "આ આવ્યું... અરે હવે તો સાવ નજીક પહોંચી ગયો છું. આ જ રફ્તારે બીજા થોડાક કલાક અને હું મોતના બધા જ ભયથી મુક્ત-સલામત."

"અરે હવે તો સાંજ પડવા લાગી. સામે કિલ્લો પણ દેખાઈ રહ્યો છે, હમણા પહોંચી જઈશ." ચાબુક ઔર જોરથી વિંઝાય છે. ઘોડાના મોઢે ફીણ વળી ગયાં છે. ખલિફ઼ પેંગડામાં પગ ભરાવી અડધો ઊભો ઊભો થઈ ઘોડાને પડકારે છે :

**સૂરજ ક્ષિતિજને અડી ચૂક્યો છે.**

**દરવાજો ફક્ત સો ફૂટ છેટે છે.**

રિવાજ પ્રમાણે એ જમાનામાં સૂર્યાસ્ત વેળાએ કિલ્લાના દરવાજા બંધ કરવામાં આવતા. રોજના નિયમ પ્રમાણે દરવાને દરવાજાનું એક બારણું બંધ કર્યું છે અને બીજા બારણાની પાછળ જઈ ઠેલીને બંધ કરી રહ્યો છે.

માર માર ઘોડા પર ધસી આવતો અસવાર દરવાનને દેખાતો નથી કે, બંધ થતો દરવાજો પેલી આંખોમાં ધસી આવેલા લોહી અને પસીનાને કારણે ઘોડા કે ઘોડેસ્વાર બેમાંથી એકેયને દેખાતો નથી.



સૂરજ ક્ષિતિજમાં અડધો ડૂબી ગયો છે.

સૌ પ્રથમ ઘોડાનું માથું પેલા તોતિંગ લોખંડના અણીદાર ખીલા જડેલા દરવાજા સાથે અફળાય છે. એક જબરજસ્ત ધડાકો થાય છે ને ઘોડાનું માથું નાળિયેરની જેમ વધેરાઈ જાય છે.

ઘોડાના અચાનક ભટકાવાને લીધે, એના પર સવાર થયેલો ખલિફ઼ હવામાં ઊછળે છે. એનું પણ માથું પેલા ખીલાવાળા દરવાજા સાથે ભટકાય છે. બીજો એક ધડાકો થાય છે ને ખલિફ઼ પેલા અડધા ખુલ્લા દરવાજા વચ્ચે ચત્તો પછડાઈને પડે છે.

બરાબર આ જ ક્ષણે પેલા કિલ્લાના બંધ થતા દરવાજાની, કિલ્લાના અંદરના ભાગમાંથી માર માર કરતા યમરાજ પાડા પર સવાર થઈને નીકળતા હોય છે.

તેમની નજરે દરવાજામાં માથું ફૂટીને તરફડતો ખલિફ઼ પડેલો દેખાય છે.

ખલિફ઼ હજુ જીવે છે, હોશમાં છે. એ યમરાજને જુએ છે ને પૂછે છે :

"અરે આપ યહાં ?"

યમરાજ ખલિફ઼ને જુએ છે, ઓળખે છે ને ખલિફ઼ના સવાલના જવાબમાં સામો સવાલ પૂછે છે :

"અરે તુમ યહાં ? મૈં તો તુમ્હે લેને કે લીયે બગદાદ જા રહા થા..."

"હાં" છેલ્લા શ્વાસ લેતા લેતા ખલિફ બોલ્યો. "ઔર મૈં આપ સે બચને કે લીયે યહાં આ રહા થા..."

દૂર ક્ષિતિજમાં ડૂબતો સૂર્ય આ સંવાદ સાંભળે છે. પૃથ્વીના આ પટ પરથી અસ્ત પામે છે ને બીજા પટ પર એ જ ક્ષણે એનો ઉદય થાય છે.

[સૌજન્ય : કેન્સર ગીતા પુસ્તકમાંથી]

❑

## ૮. ડેડ બૉડી ક્યાં ગયાં ?

તમે નદી, તળાવ કે દરિયાકિનારે ક્યારે પણ મરેલી માછલીઓ, મગ્ગર, કાચબા, કરચલા કે અન્ય જળચર જીવોનાં મરેલાં ડેડ બોડીઝ જોયાં છે ? (રસાયણો છોડીને પ્રદુષણના ઝેરથી મારેલા હોય તેવા નહીં – કુદરતી રીતે મૃત્યુ પામેલાં.)

પહેલાના જમાનામાં એક ગામથી બીજે ગામ ચાલીને જનારા સાઠ-સિત્તેર વરસના બુઝર્ગોને પૂછી જુઓ, જંગલ કે સીમ-ખેતરોમાં થઈને પસાર થતી પગદંડીની આસપાસ એમણે કદી કોઈ સાપ, વિંછી, પશુ-પંખી કે જીવજંતુના મરેલા જીવનું શબ જોયું છે ?

ગામડામાં આંગણે ઊગેલા લીંબડા-પીપળા પર વસતા ચકલી, મેના, પોપટ, કાગડો, કબૂતર, મોર કે કોયલ જેવાં પંખીઓમાંના એકાદ જીવનું પણ ડેડ બોડી જોયું છે ? સેંકડોની સંખ્યામાં દોડતી કૂદતી ખિસકોલી-કાચંડાના ડેડ



બોડી કેમ કદાપિ દેખાતાં નથી ?

શહેરોમાં પણ ગલી ગલીએ રખડતાં કૂતરાં-બિલાડાંમાના એકાદાનું પણ ડેડ બોડી કેમ નથી દેખાતું ?

ઘર ઘરમાં માખી, મચ્છર, વાંદા, કંસારા, ગરોળી, કરોળિયા, કીડી, મંકોડા, ઉંદર કે છછૂંદર જેવા હજારો જીવો આપણે સતત આપણી આસપાસ હરતાંફરતાં જોઈએ છીએ. એમાંનો એકનું પણ ડેડ બોડી કેમ નથી દેખાતું ?

આ પ્રશ્નના જવાબમાં ઝેરી દવાઓ ખવડાવીને મારેલા, એક્સીડન્ટમાં મરેલા કે ઘરઆંગણે બાંધેલાં કે પાળેલાં પશુ-પંખીઓનો સમાવેશ થતો નથી. ફક્ત જે કુદરતી રીતે જન્મ્યાં છે, કુદરતના ખોળે જીવ્યાં છે અને કુદરતી રીતે મર્યા છે તેવા જ જીવોની આ વાત છે.

આટલું વાંચ્યા પછી થોડી વાર મનન કરી ફક્ત એક પ્રશ્ન તમારી જાતને પૂછો.

આ પ્રશ્ન અત્યાર સુધી તમને કોઈએ પૂછ્યો છે ?

તમને સ્વયમ્ કદી આ પ્રશ્ન થયો છે ?

આનો જવાબ ન મળે તો આગળ વાંચો.

જે ક્ષણેથી આ પ્રશ્ન મને થયો અને ઠેર ઠેર ફાંફાં મારવા છતાં ક્યાંય પણ એનો સંતોષકારક જવાબ ન જડ્યો એટલે હું મારી રીતે મને જ એનો જવાબ આપું છું. એક શરતે.

**TAKE IT OR LEAVE IT**

બાળકના પોતાના શરીરમાંના ક્રોમોસોમ્સને માબાપના ક્રોમોસોમ્સે વારસામાં આપેલી આ માહિતીના આધારે પછી એ વ્યક્તિને એક પોતાની આગવી ઓળખ, આઈડેન્ટીટી વાળું – બીજાં કરોડો અબજો માનવીઓ કરતા કંઈક વિશેષ સ્વરૂપ બક્ષે છે અને જીવનની ક્ષણેક્ષણ એ પ્રમાણે જ જીવે છે.

અને હા...

જે ક્ષણે ગર્ભધારણ થાય છે, બાળકની મેન્યુફેક્ચરિંગ ડેઈટ છપાય છે – કપાળ પર છઠ્ઠીના વિધાતાના લેખ લખાય છે એ જ ક્ષણે એ વ્યક્તિની મૃત્યુની ઘડી EXPIRY DATE પણ નિશ્ચિત સ્વરૂપે લખાઈ જ ગઈ હોય છે, અલબત્ત એ ભાષા આપણે વાંચી શકતા નથી.

અને આપણા અસલી પ્રશ્નના જવાબમાં :

આ એકસ્પાયરી ડેઈટની સાથે સાથે પેલા મૃતક શરીરના ક્રોમોસોમ્સમાં એ મૃત શરીરનો વિલય કેવી રીતે કરવો (DISPOSAL OF DEAD BODY) એ પણ માહિતી ઠાંસી ઠાંસીને ભરેલી જ હોય છે. જેના આધારે, પેલાં માનવી સિવાયના લાખ્ખો-કરોડો જીવો પોતાનાં મૃત શરીરને પોતે જ પંચમહાભૂતમાં વિલીન કરી દે છે. આપણને એ કેવી રીતે થાય છે એ ખબર પણ પડતી નથી. હું માનું છું કે આપણને એ ખબર નથી પડતી એ ફક્ત આપણા જ નહીં, સમગ્ર સૃષ્ટિના હિતમાં જ છે.



***અને હા...***

***શરીરમાં રહેલો પેલો આત્મા જ્યારે શરીરને છોડીને વિદાય લે છે, એ સાથે જ એ આત્મા હવે પછી કઈ યોનિમાં પ્રવેશ કરી, કયા શરીરમાં પ્રવેશ કરશે એ પણ માહિતી પોતાની સાથે લઈને જ વિદાય થાય છે અને જન્મમરણનું આ ચક્ર એકધારું અદ્ભુત રીતે ફર્યા જ કરે છે – ફર્યા જ કરે છે.***

**NO COMMENTS – PLEASE !**

**TAKE IT OR LEAVE IT !!**

**CHOICE IS YOURS !!!**

❑

## ૯. અને પુનર્જન્મે ફરી મળીએ તે પહેલાં

પરિક્રમા કરીને જે સ્થળેથી યાત્રાની શરૂઆત કરી હોય, તે જ બિંદુ પર પાછા આવનારને જેટલો આનંદ સહજ રીતે થવો જોઈએ, એટલો જ આનંદ માનવી જ્યારે જીવનનું ચક્ર પૂરું કરે છે ત્યારે થવો જોઈએ.

એક ભર્યા ભર્યા જીવનની સાર્થકતાની એ નિશાની છે.

નિયતિના નિયમ પ્રમાણે ચાલતા ચક્રનું એમાં સન્માન છે, અને પેલા પરમકૃપાળુ પરમાત્માને ચરણે અર્પેલી એક ભાવભરી અંજલિ છે.

●●